ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

બાલાસિનોરમાં આખા ગુજરાતનો હાનિકારક કચરો ઠાલવી લોકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરાતો હોવાનો અમિત ચાવડાનો આક્ષેપ

બાલાસિનોરમાં ડમ્પિંગ સાઈટ પર કોંગ્રેસની 'જનતા રેડ'

કેમિકલયુક્ત કચરાના પાપે જમીન-પાણી બન્યા ઝેરીલા

બાલાસિનોરના 20 કિમીમાં પ્રદૂષણને કારણે જનતા શ્વાસની બીમારીઓનો શિકાર

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.2

બાલાસિનોર ખાતે આવેલી ડમ્પિંગ સાઈટ પર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા અને સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ સ્થાનિક લોકો સાથે મળીને 'જનતા રેડ' પાડી સરકારની ઉદાસીનતા ખુલ્લી પાડી હતી. સમગ્ર ગુજરાતનો જોખમી કેમિકલ વેસ્ટ અહીં ઠાલવવામાં આવતો હોવાથી પર્યાવરણ અને જનજીવનને ભારે નુકસાન થઈ રહ્યું છે, જેની સામે કોંગ્રેસે આક્રમક તેવર બતાવ્યા છે.

બાલાસિનોર ખાતે છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિકોના વિરોધ છતાં સરકાર દ્વારા અહીં ગુજરાતભરનો ઝેરી કેમિકલ કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. આ અંગે અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે, આ ડમ્પિંગ સાઈટને કારણે આસપાસના 20 કિલોમીટર સુધીના વિસ્તારમાં લોકોનું જીવન જોખમાયું છે અને હવા, પાણી તથા જમીન અત્યંત પ્રદૂષિત થયા છે. આ પ્રદૂષણના કારણે સ્થાનિકોને શ્વાસ લેવામાં તકલીફ અને અન્ય ગંભીર બીમારીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

અહીં પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે, ડમ્પિંગ સાઈટ પર કથિત રીતે બનાવાયેલા રિવર્સિબલ બોર દ્વારા કેમિકલયુક્ત પાણી જમીનમાં ઉતારવામાં આવતા હવે બોરવેલમાંથી ઝેરી લાલ પાણી નીકળી રહ્યું છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) ની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠાવતા કોંગ્રેસ નેતાઓએ જણાવ્યું હતું કે, બોર્ડ માત્ર કાગળ પર વાતો કરે છે પરંતુ વાસ્તવિક તપાસમાં હવાનું અને પાણીનું પ્રદૂષણ ભયાનક રીતે વધેલું જોવા મળે છે. આ કાળા કારોબાર પાછળ ભાજપના નેતાઓની ભાગીદારી હોવાનો ગંભીર આરોપ મૂકતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અનેક નેતાઓના કોન્ટ્રાક્ટ ચાલે છે અને સરકારને પણ કરોડોનો હપ્તો જાય છે, જેના કારણે લોકોના જીવના જોખમે આ પ્રવૃત્તિ ચાલુ રખાઈ છે. આગામી સમયમાં કોંગ્રેસ આ મુદ્દે જનતા સાથે રસ્તા પર ઉતરશે અને આ મામલાને સદન (વિધાનસભા) સુધી લઈ જશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અહીંની ડમ્પિંગ સાઈટ પર આખા ગુજરાતમાંથી કેમિકલ વેસ્ટ ઠાલવવામાં આવે છે, જેના કારણે ભૂગર્ભ જળ પ્રદૂષિત થઈને લાલ રંગનું થઈ ગયું છે. આ પ્રદૂષિત પાણીનો ઉપયોગ પીવા અને ખેતી માટે થતો હોવાથી લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડી રહી છે.

કેમિકલ પ્રદૂષણ અને કોલેરાનો પ્રકોપ

બાલાસિનોર: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ બાલાસિનોરની મુલાકાત લઈને કેમિકલ વેસ્ટ અને રોગચાળાથી પીડાતા ખેડૂતો અને સ્થાનિકોની વ્યથા સાંભળી હતી. છેલ્લા બે મહિનાથી બાલાસિનોરમાં કોલેરાનો ઉપદ્રવ ફાટી નીકળ્યો છે, જેમાં અત્યાર સુધી 300થી વધુ કેસો નોંધાયા છે અને 2 વ્યક્તિઓના મોત થયા છે. અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે, રોજના 15-20 નવા કેસ આવતા હોવા છતાં સરકાર અને સ્થાનિક તંત્ર જનતાને બચાવવા માટે કોઈ યોગ્ય કાર્યવાહી કરી રહ્યું નથી.

ઉમરેઠમાં કન્ટેનરની બંધ બોડીમાં પશુને કતલખાને લઈ જવાનું નેટવર્ક પકડાયું

ઉમરેઠ પોલીસે નડિયાદ રોડ પર રોકેલા કન્ટેનરની તપાસ કરતાં 22 પશુ મળી આવ્યાં

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.2

ઉમરેઠ પોલીસે નડિયાદ રોડ પર આવેલી હોટેલ દ્વારકાધીશ પાસે વોચ ગોઠવી બંધ બોડીનું કન્ટેનર રોક્યું હતું. આ કન્ટેનરમાં 22 પશુને ક્રૂરતાપૂર્વક પુરી દેવામાં આવ્યાં હતાં. આ અંગે 3 વ્યક્તિની અટક કરી પુછપરછ કરતાં આ પશુને સુરત કતલખાને લઈ જતા હોવાનું કબુલ્યું હતું. આશ્ચર્યજનક બાબત એ છે કે, આ કન્ટેનર આગળ પાયલોટીંગ પણ કરવામાં આવતું હતું. આ અંગે ઉમરેઠ પોલીસે 4 શખસ સામે ગુનો નોંધ્યો હતો.

તસવીરઃ ધનંજય શુકલ

ઉમરેઠ પોલીસની ટીમ 1લી જાન્યુઆરીના રોજ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ઉમરેઠ તરફથી બંધ બોડીની કન્ટેનરમાં ગેરકાયદેસર પશુ ભરીને આણંદ એક્સપ્રેસ વે તરફ જઈ રહ્યું છે. આ બાતમી આધારે ઉમરેઠ પોલીસની ટીમે નડિયાદ રોડ પર હોટલ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બંધ બોડીની કન્ટેનર આવતી જોવા મળી હતી. જોકે, તેની આગળ એક બાઈક પર યુવક પણ આવતો જોવા મળ્યો હતો. આથી, ઉમરેઠ પોલીસે શંકાના આધારે કન્ટેનર અને બાઈક ચાલક બન્નેને રોક્યાં હતાં. કન્ટેનરના પાછળના દરવાજાનું હેન્ટલ ખોલી તપાસ કરતાં તેમાં 22 પશુ ક્રૂરતાપૂર્વક બાંધેલાં હતાં. આ પશુને સૂર્યાસ્ત પછી કતલ કરવાના ઈરાદે લઈ જતા હોવાનુ જણાતાં કન્ટેનરના ચાલકની અટક કરી પુછપરછ કરતાં તે યાસીન મુસા મતદારા (રહે. કરજણ, વડોદરા, મુળ રહે. જંધાર, ભરૂચ) હોવાનું જણાવ્યું હતું. જ્યારે ક્લિનર સોહિલ ફરિદ શેખ (રહે. સામરખા, આણંદ) હોવાનું જણાવ્યું હતું. જ્યારે બાઈક સવાર શખસ સમીર સલીમ કુરેશી (રહે. ખાટકીવાડ, ઉમરેઠ) હોવાનું જણાવ્યું હતું.

ઉમરેઠ પોલીસની પૂછપરછમાં સમીર કુરેશીએ કબુલ્યું હતું કે, આ પશુ તેના ભાઈ જુનેદ સલીમ કુરેશીએ ભરાવ્યાં હતાં અને તે સુરત મીઠી ખાડી ખાતે આવેલા કતલખાનામાં પહોંચાડવાનાં હતાં. આ કબુલાત આધારે પોલીસે યાસીન મુસા મતદાર, સોહિલ ફરિદ શેખ, સમીર સલીમ કુરેશી અને જુનેદ સલીમ કુરેશી સામે ગુનો નોંધી, 22 પશુ, કન્ટેનર, બાઈક, રોકડ સહિત કુલ રૂ.16,51,500નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બાલાસિનોરમાં ટેન્કરની અડફેટે આધેડનું મોત

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.2

બાલાસિનોરના નવા હાંડિયા વિસ્તારમાં એચપી પેટ્રોલ પંપ સામે પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવેલા એક ટેન્કરે રાહદારીને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં રાહદારી આધેડનુ મોત નિપજ્યું હતું.

બાલાસિનોરના નવા હાંડિયા ગામમાં રહેતાં ચંદુભાઈ છગનભાઈ પરમાર (ઉં.વ. 52) 1લી જાન્યુઆરીના રોજ જમી પરવારીને ખેતરે જવા નીકળ્યા હતા ત્યારે કાળમુખા ટેન્કરે તેમને હડફેટે લીધા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્ર મનીષભાઈએ ટેન્કર ચાલક સુરેશભાઈ દોલાભાઈ બારૈયા વિરુદ્ધ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ધોરી માર્ગો પર બેફામ દોડતા વાહનો સામે પગલાં ભરવા માગ ઉઠી છે.

નડિયાદમાં એટ્રોસિટીના નામે બિલ્ડર પાસેથી રૂપિયા પડાવ્યાં

વર્ષ 2013થી 2025 દરમિયાન ખોટા કેસોમાં ફસાવવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદ શહેરમાં કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે સંકળાયેલા એક બિલ્ડરને છેલ્લા 12 વર્ષથી ખોટા કેસોમાં ફસાવવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી લાખો રૂપિયા પડાવનાર શખ્સ વિરુદ્ધ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. આરોપી મુકેશભાઈ ઉર્ફે જાફર દેવજીભાઈ પરમારે વર્ષ 2013 થી 2025 દરમિયાન ફરિયાદી નરેશભાઈ જીવણભાઈ પટેલ અને તેમના પરિવારને માનસિક ત્રાસ આપી આર્થિક લાભ મેળવવાનું કાવતરું રચ્યું હોવાનું બહાર આવ્યું છે.

આ ઘટનાની વિગતો મુજબ, ફરિયાદીના પિતાએ 1984માં નડિયાદમાં જમીન ખરીદી 110 મકાનો બાંધ્યા હતા. આ જમીનના મૂળ માલિકોના અવસાનના 29 વર્ષ પછી, 2013માં મુકેશ પરમારે વારસદારોને ચઢામણી કરી બિલ્ડર વિરુદ્ધ અનેક ખોટા મહેસૂલી અને ફોજદારી કેસો કરાવ્યા હતા, જેમાં બિલ્ડરનો વિજય થયો હતો. કોર્ટમાં નિષ્ફળતા મળતા આરોપીએ પોતાની જાતને "એટ્રોસિટીનો માસ્ટર માઈન્ડ" ગણાવી બિલ્ડરને ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેણે ધમકી આપી હતી કે જો સમાધાન માટે પૈસા નહીં આપે તો ખોટા મર્ડર કેસમાં ફસાવી બિલોદરા જેલ ભેગા કરી દેશે અથવા ઈન્કમટેક્સની રેડ પડાવશે.

આ માનસિક ત્રાસમાંથી છૂટવા માટે ફરિયાદીએ અગાઉ આરોપીને તબક્કાવાર રૂ. 61 હજાર આપ્યા હતા. તેમ છતાં લાલચુ આરોપીએ તાજેતરમાં વધુ આક્રમક બનીને રૂ. 8 લાખની મોટી માંગણી કરી હતી. ગત 18 નવેમ્બર 2025ના રોજ આરોપીએ ફરિયાદીની ઓફિસે પહોંચી નાણાં માટે દબાણ કરતા અંતે કંટાળીને બિલ્ડરે પોલીસના દ્વાર ખખડાવ્યા હતા.

નડિયાદ પશ્ચિમ પોલીસે આ મામલે બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદીએ પુરાવા તરીકે આરોપીની ધમકીઓ અને પૈસાની કબૂલાત કરતા ઓડિયો-વીડિયો રેકોર્ડિંગ પણ પોલીસને સુપરત કર્યા છે.

ખંભાતમાં જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ ઉજવાશે

આણંદ કલેકટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ જિલ્લામાં 77મા પ્રજાસતાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી ખંભાત ખાતે કરવામાં આવનાર હોઇ, કલેકટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને પ્રજાસત્તાક પર્વની ઉજવણીના સુચારૂં આયોજન અર્થે કલેકટર કચેરી આણંદના સભાખંડમાં બેઠક મળી હતી.

આ બેઠકમાં કલેકટર પ્રવીણ ચૌધરીએ 77મા પ્રજાસત્તાક પર્વના રાષ્ટ્રીય કાર્યક્રમની ઉજવણી અંતર્ગત કરવામાં આવનાર કામગીરી માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવાની સાથે સમગ્ર કાર્યક્રમ માર્ગદર્શિકા અનુસાર આયોજિત થાય તેની તકેદારી રાખવાની,

તેમજ કાયદો-વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, પોલીસ પરેડ, પાર્કિંગ, સાફ-સફાઇ સહિત આનુષંગિક વ્યવસ્થાઓની વિગતવાર ચર્ચા કરી હતી. તેમજ કાર્યક્રમ દરમિયાન પ્રદર્શિત થનાર ટેબ્લોના પ્રદર્શન તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન સંદર્ભે જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેકટર આર.એસ.દેસાઈ, નાયબ વન સંરક્ષક સુરેશકુમાર મીના, પ્રાંત અધિકારી કુંજલ શાહ, નાયબ પોલીસ અધિક્ષક સહિત વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ જિલ્લામાં મેલેરિયા અને ચિકનગુનિયાના કેસોમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો

આણંદ જિલ્લામાં એક વર્ષમાં ડેન્ગ્યુના 70 અને ચિકનગુનિયાના 6 કેસ નોંધાયા

જિલ્લામાં 2024ની સરખામણીએ ડેન્ગ્યુના કેસોમાં 50 ટકાનો મસમોટો ઘટાડો

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ જિલ્લાના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી સઘન કામગીરીના પરિણામે વર્ષ 2024ની સરખામણીમાં વર્ષ 2025માં વાહકજન્ય રોગચાળામાં અભૂતપૂર્વ અંકુશ મેળવવામાં સફળતા મળી છે. જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતિના સ્પષ્ટ દિશાનિર્દેશ હેઠળ આરોગ્ય વિભાગે કરેલા સચોટ આયોજનને કારણે જિલ્લામાં

ડેન્ગ્યુના કેસોમાં સીધો 50 ટકાનો ઘટાડો નોંધાયો છે, જે તંદુરસ્ત આણંદના નિર્માણ તરફનું એક મહત્વનું પગલું ગણાય છે.

આણંદ જિલ્લા આરોગ્ય વિભાગના સત્તાવાર આંકડાઓ મુજબ, વર્ષ 2024માં ડેન્ગ્યુના 135 કેસ નોંધાયા હતા, જે વર્ષ 2025માં ઘટીને માત્ર 70 થઈ ગયા છે. તેવી જ રીતે, મેલેરિયાના કેસો 17થી ઘટીને 6 પર અને ચિકનગુનિયાના કેસો 7થી ઘટીને 6 પર લાવી શકાયા છે. આ સફળતા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પિયુષ પટેલ અને જિલ્લા મેલેરીયા અધિકારી ડો. રાજેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની ટીમ વર્કનું પરિણામ છે.

માત્ર સર્વેક્ષણ જ નહીં, પરંતુ વહીવટી તંત્ર દ્વારા અઢી હજારથી વધુ સ્થળોએ સઘન નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શૈક્ષણિક સંસ્થાઓ, ફેક્ટરીઓ, સરકારી કચેરીઓ, પોલીસ સ્ટેશનો અને બાંધકામ સાઈટોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિશ્વ મેલેરિયા દિવસ અને રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ જેવા કાર્યક્રમો થકી જનતાને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરી આ અભિયાનમાં સહભાગી બનાવવામાં આવી હતી.

આરોગ્ય વિભાગની કામગીરી અસરકારક રહી

- કર્મચારીઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના કુલ 4,16,116 ઘરોની મુલાકાત લીધી હતી.
- તપાસ દરમિયાન 13,71,964 પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી 7524 પાત્રોમાં મચ્છરના પોરાનો નાશ કરવામાં આવ્યો હતો.
- રોગના વાહકોને ડામવા માટે 23,552 જેટલા પાત્રોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

આણંદ RTOના 2 કર્મીની બદલી કરવામાં આવી

આસિ. ઇન્સ્પેક્ટરોને બઢતી ન મળતા એસોસિએશને આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી

(પ્રતિનિધિ) આણંદ તા 2

રાજ્યભરમાં વાહન વ્યવહાર વિભાગે 57 જેટલા આરટીઓ અધિકારીઓની બઢતી સાથે બદલીના હુકમો કર્યા છે. મોટર વાહન ખાતામાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, સહાયક વાહન વ્યવહાર નિયામક વર્ગ-2 તરીકે ફરજ બજાવતા અધિકારીઓને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી નાયબ વાહન વ્યવહાર નિયામક તરીકે બઢતી આપી નિમણૂક કરી છે.

આણંદ જીલ્લા આરટીઓમાં ફરજ બજાવતા રઘુદત્ત પટેલની બદલી બાવળા અને નારણ સોલંકીની બદલી સુરત ખાતે કરવામાં આવી છે. આ ઉપરાંત બોટાદના દીપસંગ ચાવડાની આણંદ આરટીઓ ખાતે બદલીનો હુકમ કર્યો છે.

મળતી માહિતી મુજબ ગુજરાત મોટર વ્હીકલ ડિપાર્ટમેન્ટ ટેક્નિકલ ઓફિસર એસોસિએશન દ્વારા ડિસેમ્બર માસની શરૂઆતમાં પોતાના પડતર પ્રશ્નો અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જોકે અગાઉ પણ ઘણી બધી વખત રજુઆત કરવામાં આવી હતી. જેથી લાંબા સમયથી આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરોને બઢતી ન મળતા એસોસિએશન દ્વારા આંદોલનની ચીમકી આપવામાં આવી હતી. જોકે મોટાપાયે બદલીઓના હુકમ થતાં આરટીઓ કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ આરટીઓમાં બદલી પામેલા અધિકારી હાજર ન થતાં લાયસન્સના કામ અટવાયાં હતાં.

તારાપુરમાં NRIએ પાલિકા - કોલેજ માટે 11 કરોડની જમીન આપી

સરકારી કોલેજ માટે રૂ. 6.5 કરોડ તથા નગરપાલિકા ભવન માટે રૂ. 4.5 કરોડની જમીનની સખાવત

(પ્રતિનિધિ) આણંદ તા 2

નવરચિત તારાપુર નગરપાલિકાનુ અદ્યતન સુવિધાઓથી સજ્જ મકાન બનાવવા અને તારાપુર સરકારી કોલેજનુ શૈક્ષણિક સંકુલ બનાવવા માટે જમીનની જરૂરીયાત હતી. આ અંગે નાગરિકો અને વિદ્યાર્થીઓને સરળતા રહે તે માટે સેવા સદન અને કોલેજ નિર્માણ માટે જમીન મેળવવા માટે વિકટ સ્થિતિ હતી. જોકે આવી સ્થિતિમાં જમીન દાતા માટે પ્રયાસો યથાવત રખાતાં સેવાભાવી દાતાએ ઉમદા પહેલ કરીને બન્ને સંકુલના નિર્માણ માટે કિંમતી જમીન દાનમાં આપી છે.

સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલના પ્રયત્નોથી તારાપુર શહેર ખાતે સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજ તેમજ નગરપાલિકા

ભવન માટે ખંભાત રોડ પર અંદાજે રૂ. 11 કરોડની કિંમતી જમીન દાન આપવામાં આવી છે. સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજ માટે રૂ. 6 કરોડ 50 લાખ તથા નગરપાલિકા ભવન માટે રૂ. 4 કરોડ 50 લાખ એમ કુલ રૂ. 11 કરોડની જમીન દાનમાં પ્રાપ્ત થઈ છે. કિંમતી જમીન દાનમાં આપનાર તારાપુર શહેરના વતની અને હાલ અમેરિકા (ન્યૂ જર્સી) ખાતે વસવાટ કરતા દાતા હસમુખભાઈ શિવાભાઈ પટેલનુ તારાપુર ખાતે સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે સોજીત્રા વિધાન સભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ દ્વારા શાલ ઓઢાડી સ્મૃતિભેટ અર્પણ કરી દાતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે તારાપુર તાલુકા ભાજપ સંગઠન, તારાપુર શહેર તથા તાલુકાના આગેવાનો તેમજ તારાપુર શહેર અને તાલુકાની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને દાતા હસમુખભાઈ પટેલનો ભવ્ય સન્માન કરી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જમીન સંપાદન અંગેનો કરાર દસ્તાવેજ દાતા હસમુખભાઈ પટેલ તરફથી બન્ને સંકુલના નિર્માણ હેતુસર કરી આપવામાં આવ્યો હતો. દાતાની સખાવતથી તારાપુર ખાતે બહુ ઉપયોગી સુવિધાઓ શૈક્ષણિક અને જાહેરહિતની વ્યવસ્થા માટે ખૂબ જ ઉપયોગી નીવડશે જેથી સમગ્ર તારાપુર પંથકમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225